સરકારી પડતર જમીનનો નિકાલ
"નર્મદાબાન"માંથી મુકિત મેળવવા
અંગે.

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ જમન-૩૯૨૦૦૩-૧૪૭૫-ભાગ-૧-અ.
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૦-૮-૨૦૦૪.

વંચાણે લીધા :-

(૧) મહેસુલ વિભાગનો તા.૪-૭-૧૯૯૮નો ઠરાવ ક્રમાંકઃ જમન-૩૯૯૪-૧૨૯૬-(૧)-અ.

(૨) મહેસુલ વિભાગનો તા.૨૯-૫-૨૦૦૪નો સરખા ક્રમાંકનો પરિપત્ર.

સુ ધા રો :-

મહેસુલ વિભાગના ઉપર સંદર્ભ-૧માં દર્શાવેલ તા.૪-૭-૧૯૯૮નો ઠરાવ વંચાણે લઈ ઉપર સંદર્ભ-૨ન. તા.૨૯-૫-૨૦૦૪ના પરિપત્રથી તમામ કલેકટરશ્રીઓને આપવામાં આવેલ સુચના અન્વયે ફકત સરકારી વિભાગો,સરકારના બોર્ડ-કોર્પોરેશનોની માંગણીના કિસ્સામાં જ બાનમુકિતની વિચારણા કરવાનુ નકકી થયેલ છે. રાજય સરકારે કાળજીપૂર્વકની પુનઃવિચારણાને અંતે રાજયમાં વાઈબ્રન્ટ ગુજરાત અંગેના પ્રોજેકટ માટે થયેલ કાર્યવાહી તેમજ કચ્છ પ્રોત્સાહક યોજના હેઠળ સ્થપાતા એકમો માટે બાનમુકિતની વિચારણા કરવાનું નકકી કરેલ છે. આથી જયારે નર્મદા કમાન્ડ વિસ્તારની બહાર જમીન માંગેતો તે માટે સહમતિ આપવામાં પુનઃવસનની કોઈ મુશ્કેલી થાય તેમ ન હોઈ આવા કિસ્સાઓ પુરતી બાનમુકિત માટેની દરખાસ્તો રજુ કરવા તમામ કલેકટરશ્રીઓને આથી જણાવવામાં આવે છે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મુકેશ મોદી )
ઉપ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.